## પ્રદેશ ભાજપ યુવા મોરચામાં ૬ ઉપપ્રમુખો બે પ્રદેશ મહામંત્રી ૬ પ્રદેશ મંત્રીનો સમાવેશ

ગાંધીનગર, તા.૧

પ્રદેશ ભાજપ દ્વારા આજે યુવા ભાજપ મોરચાના ટીમની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં ૬ પ્રદેશ ઉપપ્રમુખોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

પ્રદેશ ભાજપ સંગઠન માળખાની પુનઃરચના કરવાની પ્રક્રિયા શરુ કરવામાં આવી છે. પ્રદેશ ભાજપ યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષની વરણી કરવામાં આવ્યા બાદ પ્રદેશ યુવા મોરચાના હોદ્દેદારોની નિમણુંકો કરવાની બાકી હતી. આજે પ્રદેશ ભાજપ યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ ડૉ. રૂત્વીજ પટેલે પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણી સાથે પરામર્શ કરીને આજે પોતાની નવી ટીમની જાહેરાત કરી હતી.

પ્રદેશ યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષે પોતાની નવી ટીમમાં ૬ પ્રદેશ ઉપપ્રમુખો બે પ્રદેશ મહામંત્રી ૬ પ્રદેશ મંત્રી અને એક પ્રદેશ કોષાધ્યક્ષની નિમણુંક કરવામાં આવી છે.

આ ઉપરાંત યુવા મોરચા અંતર્ગત ૧૦ જેટલા વિવિધ આયામના સંયોજકોની નિમણુંક કરવામાં આવી છે. પ્રદેશ યુવા મોરચાની આજે જાહેર કરવામાં આવેલી નવી ટીમમાં દરેક જ્ઞાતિને અને જિલ્લાને સ્થાન આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

## ખેડૂતોએ કરેલ આત્મહત્યા માટે સરકાર વળતર ચુકવે

### રાજ્યસભામાં મધુસુદન મિસ્ત્રી દ્વારા માંગ કરાઈ

અમદાવાદ, તા.૧

રાજયસભામાં ગઈકાલે ગુજરાતના રાજયસભાના સંસદ સભ્ય મધુસુદન મિસ્ત્રીએ કહ્યું હતું કે, ગુજરાતના વિકાસ મોડલનો દેશ અને દુનિયામાં કેન્દ્રની હાલની સરકાર અને ભાજપની સરકારે એક નમુનારૂપ વિકાસ મોડલ તરીકે રજુ કર્યું છે. પરંતુ ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં ૯૧ ખેડુતોએ આત્મહત્યા કરી છે. તે પૈકી ૨૦૧૨માં દેશના પ્રધાનમંત્રી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે ૩૬ ખેડુતોએ આત્મહત્યા કરી હતી. ૨૦૧૩માં જ્યારે નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી હતા ત્યારે ૩૩ ખેડુતોએ આત્મહત્યા કરી હતી. ૨૦૧૪માં ૮, ૨૦૧૫માં ૮ અને હજી સુધી ૬ આત્મહત્યા થી છે. ખેડુતોએ કરેલી આ આત્મહત્યા એ પાક નિષ્ફળ જવાથી તેમજ દેવું વધવાથી કરી છે. દેશના પ્રધાનમંત્રી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે ગુજરાતમાં ખેડુતોએ આત્મહત્યા કરી છે તેવુ ક્યારેય કબુલ્યું નહોતું. ગુજરાત સરકારના ખેતીવાડી ખાતાના પ્રધાને આ આકડાઓ આપ્યા છે. વધુમાં તેમણે રાજયસભામાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં લાખો કરોડો રૂપિયાનું વાયબ્રન્ટ ગુજરાતના મેળાવડા પછી મુડીરોકાણ આવ્યું છે તેવું ગુજરાતની સરકાર કહે છે. પરંતુ એક આકડા મુજબ હાલમાં ગુજરાતમાં રોજગાર ઓફીસ ખાતે ૨૧,૫૬,૦૦૦ બેરોજગાર નોંધાયેલા છે. તે પૈકી ગુજરાત સરકારમાં ભાગ્યેજ કોઈકને નોકરી મળી છે. જે ખેડુતોએ આત્મહત્યા કરી છે તેમને વળતર ચુકવવાની બાબતમાં ગુજરાત સરકારનું એવું કહેવુ છે કે આત્મહત્યા કરેલ ખેડુતોના કુટુબોને વળતર ચુકવવાની કોઈ યોજના નથી આ એક શર્મનાક નિવેદન ગુજરાત સરકારનું છે.

## સાણંદની નીલકંઠ સ્કૂલમાં "હમારી સંસ્કૃતિ હમારી પહચાન" વાર્ષિકોત્સવ ઉજવાયો

સાણંદ, તા. ૧

સાણંદ, કાણેટી રોડ પર આવેલી નીલકંઠ ઈન્ટરનેશનલના



વાર્ષિકોત્સવમાં ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સીટીના કુલપતિ ડૉ. નવીનભાઈ શેઠ સહિત શિક્ષણ વિદો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, વાલીઓ ઉપસ્થિત રહયા હતા. સંસ્થાવતી પ્રો. ડૉ.જયેન્દ્રસિંહ જાદવએ સૌનું સ્વાગત કર્યું હતું.

જલધારા પાર્ટી પ્લોટ ખાતે યોજાયેલ નીલકંઠ ઈન્ટરનેશનલ સ્કૂલના વાર્ષિક મહોત્સવમાં ડૉ. નવીનભાઈ શેઠ, પ્રો. રાજગુરૂ, ડૉ. જે.જે ભટ્ટ, પ્રિ. આર.જે. ત્રિવેદી, હર્ષદભાઈ યાજ્ઞિક વગેરે શિક્ષણ વિદોના હસ્તે શ્રેષ્ઠ શિક્ષક સન્માન, વિદ્યાર્થી પ્રતિભા સન્માન તથા વ્યક્તિ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. શ્રેષ્ઠ આચાર્ય તરીકે ઈન્દ્રજીતસિંહ પઢેરિયા (સાંકોદરા પ્રાથમિક શાળા) અને શ્રેષ્ઠ શિક્ષક તરીકે વૈશાલિબેન જોષી (તાલુકા શાળા નં.૧ સાણંદ)ને સન્માનિત કરાયા હતા. તથા વ્યક્તિ વિશેષમાં પ્રો. ડૉ. એસ.એસ. સોઢા, ભાનુભાઈ વાઘેલા અને જીજ્ઞેશભાઈ સોમાણી (દિવ્યભાસ્કર પત્રકાર)નું પણ સન્માન કરાયું હતું. સંસ્થાને બ્રિટીશ કાઉન્સિલ એવોર્ડ પ્રાપ્ત થયો જેમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ સંસ્થાના ડાયરેક્ટર ડી.એસ. પટેલ અને અન્ય શિક્ષકો બીજલબેન, હેમલબેન, જીજ્ઞાબેન, જ્યોતિબેન, ઉર્વશીબેન, જયમેશભાઈ,



જીતેન્દ્રભાઈ અને મહીપલભાઈ વગેરેને પણ સન્માનિત કરાયા હતા.

નીલકંઠ સ્કૂલ પરિવારે પીએચડીના પદવી પ્રાપ્ત કરનાર પ્રો. ડૉ. જયેન્દ્રસિંહ જાદવનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

શાળાના કુલ-૭૫૦ વિદ્યાર્થીઓ દ્વારા રંગારંગ કાર્યક્રમ 'હમારી સંસ્કૃતિ હમારી પહચાન'ની પનઘટ કલા કેન્દ્ર ગાંધીનગરના ભાવિનભાઈ પટેલના દિગ્દર્શન હેઠળ વિદ્યાર્થીઓ પ્રસ્તુતિ કરી હતી. શાળાના ટ્રસ્ટી સાગરસિંહ વાઘેલા તેમજ પ્રધાનાચાર્ય મનિષ દેત્રોજાએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

## પેટમાં કાતર ભૂલી જવાના કેસમાં વિસ્તૃત તપાસ થશે

### દોષિત સાબિત થશે તો, સંબંધિત તબીબ કે સ્ટાફની સામે પગલાં લેવાશે : પાંચ વર્ષ પહેલાનો સિવિલ ખાતેનો બનાવ

અમદાવાદ,૧

એશિયાની સૌથી મોટી એવી અસારવાની સિવિલ હોસ્પિટલ ફરી એકવાર મોટા વિવાદમાં સપડાઈ છે. પાંચ વર્ષ પહેલાં કચ્છની એક મહિલાના પેટમાં ગાંઠનું ઓપરેશન કરાયુ ત્યારે તબીબો તેના પેટમાં કાતર ભૂલી ગયા હતા. પાંચ વર્ષના વારંવારના દુખાવા બાદ મહિલા જયારે ફરી સિવિલ હોસ્પિટલમાં હમણાં તપાસ અર્થે આવી ત્યારે તેના પેટમાં કાતર રહી ગઈ હોવાની એક્સરેમાં ચોંકાવનારી હકીકત સામે આવી. આ ઘટનાને પગલે સિવિલ હોસ્પિટલ અને તબીબી આલમમાં જબરદસ્ત ખળભળાટ મચી ગયો છે. સિવિલ હોસ્પિટલ સત્તાવાળાઓ દ્વારા આ સમગ્ર મામલામાં એક તપાસ કમીટીની રચના કરાશે અને તપાસમાં જો સંબંધિત તબીબ કે સ્ટાફનો કસૂર સાબિત થશે તો તેઓની વિરૂધ્ધ કાયદાનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે એવું જાણવા મળ્યુ છે. આ અંગેની વિગત એવી છે કે, કચ્છના ગાંધીધામ પાસે ભંગેરા ગામમાં રહેતા જીવીબહેનને તા.૧૨-૩-૨૦૧૨ના રોજ પેટમાં ગાંઠના ઓપરેશન માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જયાં તેમનું ઓપરેશન કરાયું હતું. ત્યારબાદ જીવીબહેન તેમના વતન પરત જતા રહ્યા હતા. પરંતુ ઓપરેશન બાદ ડોકટરો પણ મહિલા દર્દીના પેટમાં કાતર જોઈ ચોંકી ઉઠયા. મહિલાની પૂછપરછ કરતાં તેણે અગાઉ પાંચ વર્ષ પહેલાં અહીં સિવિલ હોસ્પિટલમાં જ પેટની ગાંઠનું ઓપરેશન કરાવ્યું હોવાની હકીકત સામે આવી. આ ઘટના બાદ સિવિલ હોસ્પિટલના સંબંધિત તબીબો, સ્ટાફ અને હોસ્પિટલ સત્તાવાળાઓ ફરી એકવાર શંકા અને સવાલોના ઘેરામાં આવી ગયા હતા. દરમ્યાન સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડો.એમ.એમ.પ્રભાકરે આ અંગે પૂછતાં તેમણે જણાવ્યું કે, આ સમગ્ર મામલામાં અમે સોમવારે તપાસ કમીટી રચીશું અને તેના મારફતે ઘટનાની તપાસ કરાવડાવીશું.

## આ પણ વાંચીએ...

### ● ૯૦ કિલોનો પત્થર એક આંગળી પર ઉઠાવે છે શ્રધ્ધાળુઓ

પુણે સ્થિત હજરત કમરઅલીની દરગાહમાં એક ચમત્કાર જોવા મળે છે. હજરત કમરઅલી એક સૂફી સંત હતા. જેમનું અવસાન ૧૮ વર્ષની ઉંમરે થયું હતું. તેમની દરગાહના પરિસરમાં રાખેલ ૯૦ કિગ્રાનો પત્થર જો ૧૧ લોકો સૂફી સંતના નામ લઈ પ્રથમ આંગળીએ ઉપાડે તો તે ખુબ જ આસાનીથી ઉપડી શકે છે પરંતુ જો ૧૧ વ્યકિતઓથી ઓછા હોય અને અન્ય કોઈ આંગળીથી ઉપાડવામાં આવે તો તે ઉપડતો નથી. દરગાહની બહાર જો તેને લઈ જવામાં આવે તો તે જરાય હલાવી શકાતો નથી.



### ● ૧ લીટરમાં ચાલશે ૮૧ કિમી સુધી આ અનોખી કાર



દિલ્હી ટેકનોલોજીકલ યુનિ.ના વિદ્યાર્થીઓએ ૮૧ કિલોમીટર પ્રતિ લીટરના માઈલેજથી ચાલતી કાર બનાવી છે. ૨૮ વિદ્યાર્થીઓએ ભેગા થઈ આ કાર બનાવી છે. આ કારનું પ્રદર્શન તાજેતરમાં સિંગાપુર ખાતે આયોજિત સુપર માઈલ્સ ઈવેન્ટ ખાતે કરવામાં આવ્યું હતું.

### ● ૪૦૪ બાળકોએ આઈન્સ્ટાઈન બની કર્યો રેકોર્ડ

કેનેડાના ટોરેન્ટ શહેરના માર્ગો પર તાજેતરમાં એક અદભૂત નજારો જોવા મળ્યો. ૪૦૪ બાળકો આઈન્સ્ટાઈનની વેશભૂષા ધારણ કરી પરેડમાં નીકળ્યા હતા અગાઉ ૯૯ વ્યકતિઓ આવી વેશભૂષા ધારણ કરી ચુકયા હતા. એક સાથે ૪૦૪ બાળકોએ આઈન્સ્ટાઈનની વેશભૂષા ધારણ કરી વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો.




## યાસીન ભટકલ અને હડ્ડીના ૧૨ દિવસના રિમાન્ડ પર

### ખતરનાક યાસીન ભટકલ અને અસદુલ્લા અખ્તર હડ્ડીએ પાકિસ્તાનમાં જઇને આંતકવાદી તાલીમ પણ મેળવી હતી

અમદાવાદ, તા. ૧

અમદાવાદ શહેરમાં ૨૦૦૮માં સિરિયલ બૉંબ બ્લાસ્ટ કરવાના પ્રકરણમાં મુખ્ય સૂત્રધાર આરોપીઓ એવા કુખ્યાત યાસીન ભટકલ અને અસદુલ્લા અખ્તર હડ્ડીને આજે સાબરમતી જેલમાં સ્પેશ્યલ કોર્ટમાં રજૂ કરાયા હતા. સ્પેશ્યલ કોર્ટે બંને આરોપીઓના ૧૨ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. શહેર ક્રાઈમબ્રાંચના અધિકારીઓએ યાસીન ભટકલ અને અખ્તર હડ્ડીને લોખંડી સુરક્ષા કવચ વચ્ચે સાબરમતી જેલમાં સ્થિત સ્પેશ્યલ કોર્ટમાં રજૂ કર્યા હતા. શહેર ક્રાઈમ બ્રાંચના અધિકારીઓ ગઈકાલે દિલ્હીથી ટ્રાન્સફર વોરંટના આધારે આજે લોખંડી સુરક્ષા કવચ વચ્ચે અમદાવાદ લાવ્યા હતા. આજે બંને આરોપીઓને ક્રાઈમબ્રાંચે સ્પેશ્યલ કોર્ટમાં રજૂ કરી ૧૪ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. નોંધનીય વાત એ છે કે, ક્રાઈમબ્રાંચે ખાડિયા બ્લાસ્ટના ગુનામાં આરોપીઓની ધરપકડ કરી તેઓના રિમાન્ડની માંગણી કરી હતી. જૂલાઈ-૨૦૦૮ દરમ્યાન અમદાવાદ શહેરમાં ૨૦થી વધુ જુદા જુદા સ્થળોએ સિરિયલ બૉંબ બ્લાસ્ટ કરવામાં આવ્યા હતા. ખાડિયામાં રાયપુર ચકલા અને સારંગપુર ચકલામાં સાયકલોમાં બોમ્બ મૂકી વિસ્ફોટ કરાયા હતા. જેમાં પાંચના મોત નીપજયા હતા. શહેરના સમગ્ર સીરીયલ બ્લાસ્ટમાં ૫૬થી વધુ લોકોના મોત નીપજયા હતા અને આશરે ૨૫૦થી વધુ લોકોને ઈજા પહોંચી હતી. આ સમગ્ર કેસમાં કુલ ૭૭ આરોપીઓની ધરપકડ કરાઈ હતી. જેમાં ૪૬ જેટલા આરોપીઓ સાબરમતી જેલમાં છે, જયારે ૨૭ આરોપીઓ રાજય બહારની જેલોમાં છે. ૭૪ આરોપીઓ વિરૂધ્ધના કેસો સેશન્સ કમીટ થઈ ગયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ સિરિયલ બોમ્બ બ્લાસ્ટના મુખ્ય સુત્રધાર યાસીન ભટકલ અને અબ્દુલ્લા અખ્તર હડ્ડીને ગઈકાલે શહેર ક્રાઈમ બ્રાંચના અધિકારીઓ દિલ્હીથી ટ્રાન્સફર વોરંટના આધારે અમદાવાદ લાવ્યા હતા. તપાસનીશ એજન્સી બંને આરોપીઓને લઈ સ્પેશ્યલ વિમાન મારફતે અમદાવાદ એરપોર્ટ પર ઉતરી હતી અને ત્યાંથી કડક સુરક્ષા કાફલા વચ્ચે તેઓને સાબરમતી જેલ ખાતે લઈ જવાયા હતા. આજે બંનેને સઘન સુરક્ષા વચ્ચે સાબરમતી જેલમાં ખાસ અદાલતમાં રજૂ કરવામાં આવ્યા હતા.



ચેટીચાંદના દિવસે સિંધી સમાજ દ્વારા કાઢવામાં આવેલા જુલુસ દરમિયાન પોલીસની કનડગતના વિરોધમાં નરોડા પાટિયા પાસે સિંધી સમાજના લોકો દ્વારા દેખાવો કરાયા હતા તેમની અટકાયત પણ કરવામાં આવી હતી.

### મોંઘા બનશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બનાવટની બીડી, એલઈડી લેમ્પના સાધનો, એલ્યુમિનિયમ ઓર, ચાંદીના સિક્કાનો સમાવેશ થાય છે. બીજી બાજુ જે ચીજો આજથી સસ્તી થઈ ચુકી છે તેમાં ઓનલાઈન રેલવે ટિકિટના બુકિંગ, એલએનજી, સોલાર પેનલમાં ઉપયોગ કરવામાં આવતા સોલાર ટેમ્પર્ડ ગ્લાસ, વિંડ ઓપરેટેડ એનર્જી જનરેટર, ડિફેન્સ સર્વિસ માટે ગ્રુપ ઈન્સ્યોરન્સ, પીઓએસ મશીન કાર્ડ અને ફિંગરપ્રિન્ટ રિડર જેવી ચીજવસ્તુઓ સસ્તી થઈ રહી છે. નવા નિયમો અમલી બનાવી દેવામાં આવ્યા બાદ આવતીકાલથી આ નવા નિયમો તમામ લોકોને પાળવા પડશે. ઈન્કમટેક્સ નિયમોની વાત કરવામાં આવે તો પર્સનલ ઈન્કમટેક્સના મોરચે ૨.૫ લાખથી ૫ લાખ સુધીના સ્લેબમાં આવક ધરાવનાર લોકોમાં પર્સનલ ઈન્કમટેક્સ ૧૦ટકાના બદલે પાંચ ટકા રહેશે. આના કારણે તેમના ટેક્સમાં ઘટાડો થશે. બીજી બાજુ ૫૦ લાખથી એક કરોડ સુધીની આવક ધરાવનાર વ્યક્તિગત ઉપર ૧૦ટકાનો સરચાર્જ લાગૂ થશે. નાણામંત્રી અરુણ જેટલી રાજીવ ગાંધી ઈક્વિટી બચત યોજના હેઠળ ટેક્સ રાહતોને તબક્કાવારરીતે દૂર કરવાની તૈયારી કરાઈ છે. આગામી યૂપીએ સરકાર દ્વારા આ સ્કીમ શરૂ કરવામાં આવી હતી. બીજી બાજુ ડિજિટલને પ્રોત્સાહન આપવાના હેતુસર નવા નિયમો અમલી બની રહ્યા છે. હવેથી બે લાખથી ઉપરની રોકડ લેવડદેવડને મંજુરી આપવામાં આવશે નહીં. સરકારે ઈન્કમ ટેક્સ રિટર્ન દાખલ કરવા માટે એક પાનામાં સરળ પાનું જારી કર્યું છે જ્યારેઆધાર નંબરને રજૂ કરવાની બાબતને ફરજિયાત કરી દેવામાં આવી છે. ઈન્કમટેક્સ રિટર્ન ફોર્મ-૧ (સહેજ) સાત પાનાના ફોર્મની જગ્યા લેશે. રેલવેમાં પણ પહેલી એપ્રિલથી વિકલ્પ સ્કીમ શરૂ કરવામાં આવી છે જેના ભાગરુપે એક જ સ્થળ માટે મેઈલ અથવા એક્સપ્રેસ ટ્રેનોમાં ટિકિટ બૂક કરાવનાર યાત્રીઓને રાજધાની અને શતાબ્દી જેવી પ્રિમિયર ટ્રેનોમાં મુસાફરી કરવાની તક મળશે.

### તપાસના હુકમ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રવાસ કર્યો હતો અને ત્યાં અધિકારીઓ સાથે વાતચીત કરી હતી. સાથે સાથે જરૂરી માહિતી પણ મેળવી હતી. ૨૭મી માર્ચના દિવસે યોગી આદિત્યનાથે ગોમતી રિવરફ્રન્ટ ઉપર પહોંચીને તમામ માહિતી એકત્રિત કરી હતી. પ્રોજેક્ટના બજેટ ઉપર પણ પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા અને બજેટને વધારે ગણાવીને પ્રશ્નો કર્યા હતા. યોગીએ અધિકારીઓને નવેસરથી બજેટમાં અંદાજ તૈયાર કરવા માટે કહ્યું હતું. અધિકારીઓને પ્રશ્નો પણ કર્યા હતા કે ગોમતી નદીનું પાણી પ્રદૂષિત કેમ થયેલું છે. તમામ પૈસા પથ્થરોમાં લગાવી દેવામાં આવ્યા છે. અધિકારીઓને આદેશ આપ્યો હતો કે, ગોમતી નદીમાં એક પણ નાળાના પાણી ન પડે તેની ખાતરી કરવામાં આવે તે જરૂરી છે. મે મહિના સુધી ગોમતી નદીનું પાણી સ્વચ્છ થઈ જાય તે જરૂરી છે.

### બળવાના એંધાણ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજ્ય સ્તરના સંમેલન બોલાવવાની જાહેરાત કરી ચુક્યા છે. તેમણે કહ્યુ હતુ કે એ દિવસે મિશન સુરક્ષા પરિષદ નામથી નવા જુથ બનાવી દેવામાં આવનાર છે. ગૌતમ અને આમ્બેડકરે વિધાનસભાની ચૂંટણીમાં કારમી હાર થયા બાદ બહુજન સમાજવાદી પાર્ટીમાંથી રાજીનામુ આપી દીધુ હતુ. આંમ્બેડકરે કહ્યુ હતુ કે અમે એવા તમામ બહુજન સમાજવાદી પાર્ટીના સભ્યોને અને સમર્થકોને સાથે આવવા માટે અપીલ કરી ચુક્યા છીએ જે પાર્ટી સ્થાપક કાંશીરાંમના બહુજન મિશન પર કામ કરવા માટે ઈચ્છુક છે. તેમણે કહ્યુ હતુ કે પાર્ટીની હાલત સતત કફોડી બની રહી છે. આવી સ્થિતીમાં સભ્યોનો આત્મવિશ્વાસ ઘટી ગયો છે. માયાવતી કાર્યકરોના ઘટતા જતા નૈતિક જુસ્સા તરફ ધ્યાન આપી રહ્યા નથી. વર્ષ ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં માયાવતીની પાર્ટીને એકપણ સીટ મળી ન હતી.

### આવાસોનું લોકાર્પણ.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દરેક પરિવારને ઘરના ઘરનું સ્વપ્ન હોય છે, પરંતુ ગાંધીનગર—અમદાવાદ જેવા વિસ્તારમાં સામાન્ય અને ગરીબ પરિવારનું આ સ્વપ્ન સાકાર કરવું ખૂબ જ કપરું કામ હતું. પણ સરકાર દ્વારા વિવિધ આવાસ યોજના અમલી બનાવી ગાંધીનગરમાં વસતા અનેક પરિવારનું ઘરના ઘરનું સ્વપ્ન સાકાર કર્યું છે. આ રાજય સરકારે સર્વાંગી વિકાસ સાથે સાથે આપણી સંસ્કૃતિને જાળવણીને પણ મહત્વ આપ્યું છે, તેવું કહીને ગૌ હત્યાના કડક કાયદા, શિક્ષણની નક્કી કરેલ ફી અંગેના કાયદા અને દારૂ બંધીના કાયદાઓની વિસ્તૃત વાત કરી હતી.

ગુડાના કારોબારી ચેરમેન શ્રી અશોકભાઈ શર્માએ જણાવ્યું હતું કે, આજે પંડિત દિન દયાળ નગરમાં તૈયાર કરવામાં આવેલા ૧૨૮ મકાનોમાંથી જેમના રૂપિયા પુરા ભરાયેલા છે, તેમને આજરોજ મકાનની ચાવી અર્પણ કરવામાં આવનાર છે. ગુડા દ્વારા વીજળી, ગટર, પીવાના પાણી અને રસ્તા સાથે સાથે આગામી સમયમાં નોલેજ સેન્ટર, બગીચા જેવી સુવિધાઓનું પણ નિર્માણ કરવામાં આવનાર છે. તેમજ ૨૦ જેટલા સાયકલ સ્ટેશન ગુડા વિસ્તારમાં ઉભા કરીને ૪૦૦ સાયકલ ત્યાં આપવામાં આવશે. આ પ્રસંગે તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી કાળુજી ઠાકોર, જિલ્લા ભાજપના મહામંત્રી શ્રી આઈ.બી.વાઘેલા, અડાલજના સરપંચ શ્રી રેસિંગભાઈ, કોબાના સરપંચ શ્રી યોગેશભાઈ નાયી સહિત મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## ગૌ હત્યા કરનારા માટે કઠોર કાયદા બદલ સારો પ્રતિસાદ

કર્ણાવતી મહાનગરની મીડિયા સેલની એક અખબારી યાદીમાં જણાવ્યાનુસાર કર્ણાવતી મહાનગરના અધ્યક્ષ જગદીશભાઈ પંચાલે ગઈકાલે ગુજરાત રાજયના ગૃહ અને કાયદામંત્રી પ્રદિપસિંહ જાડેજાના પશુ સંરક્ષણ સુધારા વિધેયકમાં ગૌ હત્યા અને ગૌ વંશની રક્ષા માટે દેશમાં સૌથી કડક કાયદો લાવ્યા તે બદલ મુખ્યમંત્રી વિજય રૂપાણીની ભાજપા સરકારને લાખ લાખ અભિનંદન પાઠવ્યા હતા. આજે સાંજે કર્ણાવતી મહાનગરના શહેર કાર્યાલય, ખાનપુર ખાતે માલધારી સમાજના અગ્રણીઓ, ભાજપા ગૌ સંવર્ધન સેલના કાર્યકર્તાઓ તેમજ ગૌ રક્ષકો જુદા જુદા વિસ્તારોમાંથી ડીજેના તાલ સાથે રેલી સ્વરૂપે ગઈકાલે પસાર થયેલા વિધેયકને આવકારવા, અનુમોદન આપવા મોટી સંખ્યામાં પરંપરાગત પહેરવેશની વેશભુષામાં આવી પહોંચ્યા હતા. ગૌ માતાના જયઘોષ સાથે ગૌ માતાનું દુધ પીતા વાછરડાની પ્રતિકૃતિ પ્રમુખને ભેટ આપી હતી અને પારંપરિક પાધડી પ્રમુખને પહેરાવી વિધેયક બદલ સન્માન કર્યું હતું.

## સૌરભ દેસાઈના ફોટોગ્રાફ્સ એક્ઝિબિશન 'વિઝયુઅલ પોએટ્રીઝ'નો આરંભ

### સત્ય આર્ટ ગેલેરીમાં ૧૧ એપ્રિલ સુધી પ્રદર્શન ખુલ્લું રહેશે

અમદાવાદ, તા. ૧

સુરત સ્થિત પ્રતિભાશાળી ફોટોગ્રાફર સૌરભ દેસાઈનાં ફોટોગ્રાફ્સ એક્ઝિબિશન 'વિઝયુઅલ પોએટ્રિક્સ'નો આરંભ



આજે નવજીવન ટ્રસ્ટ સ્થિત સત્ય આર્ટ ગેલેરીમાં થયો હતો. આ પ્રદર્શન તા. ૧૧ એપ્રિલ ૨૦૧૭ સુધી બપોરે ૧૨થી રાત્રિનાં ૯ કલાક સુધી (સોમવાર સિવાય) સુધી ખુલ્લુ રહેશે. સૌરભ દેસાઈનાં ફોટોગ્રાફસ એક્ઝિબિશનને નવજીવન ટ્રસ્ટનાં મેનેજિંગ ટ્રસ્ટી વિવેક દેસાઈએ ખુલ્લુ મુક્યું હતું.

સૌરભ દેસાઈ દ્વારા લિખિત પુસ્તક 'વિઝયુઅલ પોએટ્રીઝ ફાઈન આર્ટ નેચર ફોટોગ્રાફી'નું ભુષણ પંડ્યાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સૌરભ દેસાઈએ જણાવ્યું હતું કે, 'નેચર ફોટોગ્રાફર તરીકેની મારી યાત્રામાં આવેલા લાખો વિચારો વિઝયુઅલ પોએટ્રીઝમાં વ્યક્ત થયા છે. આ યાત્રાની શરૂઆત બાલ્કનીથી થાય છે અને તે ગાઢ જંગલો, નિઃશબ્દ રણ, અફાટ લીલા મેદાનો વચ્ચે તે જળવાઈ રહે છે. આ યાત્રા દરિયાઈ પટ્ટી, સુકા પ્રદેશોથી લઈને હિમાલયનાં શિખરો સુધી ચાલે છે.'

દેસાઈ વધુમાં જણાવે છે કે, 'વિઝયુઅલ પોએટ્રીઝ તે આખોને ગમતી ખુશનુમા લકઝરી છે. તે એબ્સ્ટ્રેકટ પણ નથી કે ફિકશન પણ નથી. તેમાં વાઈલ્ડ લાઈફ અને નેચરનાં તત્વોને તેમની સામાન્ય ઓળખથી પર રજૂ કરવામાં આવ્યા છે.'

## કેન્સરના દર્દીઓને સહાય અર્થે આર્ટ એકઝીબીશન

એચસીજી ફાઉન્ડેશન કેન્સરના દર્દીના દર્દીઓની સારવાર અર્થે ભંડોળ ઉભું કરવા 'ભારતીય ધરોહર વિવિધ પાસાઓ' વિષય વસ્તુ પર લલીતકલા એકેડમી, લૉ ગાર્ડન અમદાવાદ ખાતે માર્ચ ૩૦, ૩૧ અને એપ્રિલ ૧ ૨૦૧૭ના રોજ આર્ટ એકઝીબીશનનું આયોજન કરાયું હતું જેનો મુખ્ય હેતુ કેન્સર અને કેન્સરના દર્દીઓ પ્રત્યે સમાજને સંવેદનશીલ બનાવવાનો છે.

એચસીજી ફાઉન્ડેશન એ બિનનફાકારી સંસ્થા છે જેની સ્થાપના ડિસેમ્બર ૨૦૦૬માં બી.એસ. અજયકુમારના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. ફાઉન્ડેશન મુખ્યત્વે આર્થિક રીતે પછાત કેન્સરગ્રસ્ત બાળકો અને દર્દીઓને મદદ કરવા ધ્યાન કેદ્રીત કરે છે.